Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 011
May - 2009 JYOTI PUNJ Regd.No.MH/MR/South-189/2009-11
Registered Newspaper of India No. - B/7649

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યાનમાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૯૨ પેજ એક ડઝનના રૂા. ૯૦/- જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૬૦/-**

**આ વેચાણ તા. ૭.૬.૨૦૦૯ રવિવારથી ચાલુ કરવામાં આવશે.**

**શહેર વિભાગ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**સમય** : સોમવાર થી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૦૦

**પરા વિભાગ :**

૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) : સી - ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)
સમય - રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૨) પરીખ હીરાલાલ મણીલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાસ નગર, શંકરગલી, કાંદીવલી (વેસ્ટ)
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૩) દોશી અજય પ્રવીણચંદ્ર : ડી/૧૨ નવશીલ્પવાની, લલ્લુભાઈ પાર્ક રોડ એક્ષ્ટે. ૧, અંધેરી (વેસ્ટ), મુબઈ- ૫૮
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

***નોંધ :*** ચાલુ વર્ષે આપેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

***મંત્રી - મંજુલ ધારીયા, સંયોજક : દીક્ષીત પરીખ***

---

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો **તા. ૧.૬.૨૦૦૯ થી ૧૪.૬.૨૦૦૯** સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

***નોંધ :*** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧૪.૬.૨૦૦૯ ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે.

ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

***મંત્રી - મંજુલ ધારીયા, સંયોજક : દીક્ષીત પરીખ***

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૧ | ૨ | ૧૪-૫-૨૦૦૯ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૃ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


## ...... અને હું વંદો

*હિતેન્દ્ર દેવદત્તભાઈ ત્રિવેદી (વાડાસિનોર)*

(સુવર્ણ જયંતિ અંકમાંથી)

વંદાનું તો મારું ખોળીયું જ છે બાકી મારો આત્મા.... મારા આત્માની કહાણી અનોખી છે. મને યાદ આવે છે મારો માનવદેહ હું પ્રખર વિદ્વાન શ્રી જગન્નાથ પંડિત. લોકો મને માન-પાનથી જોતાં કારણ કે મેં મારા પાંડિત્ય દ્વારા અનેક ચંદ્રકો મેળવ્યા હતા. જે આખાએ જગતને સુવિદિત છે. લોકો મને માનથી જોતાં અને હું તેઓ તરફ ઉપેક્ષા સેવતો કારણ કે હું કોણ ? મોટો વિદ્વાન ! મારી પાસે ઘણું બધું છે તેમ લોકો માનતા. જે અક્ષરસહ સાચું અને તેથી મારામાં દિવસે દિવસે અહં વધતો જતો હતો અને હું મારામાં રહેલું કોઈને પીરસતો નહિ અને હું એમજ માનતો કે મારામાં જે કંઈ છે પ્રાપ્ત કરવાનો અધિકાર કોઈને નથી. અલબત્ત મારો શિષ્ય થવાને કોઈ લાયક નથી, શક્તિમાન નથી.

લોકો મારી પાસેથી કંઈક મેળવવા જાત જાતના નુશખા કરતા. અનેક મથામણ અને પ્રયત્નો કરતા. કેટલાક એમ પણ માનતા કે મેં મારી વિદ્વતા દ્વારા સોનુ બનાવવાની સિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે, અને તેથી અનેક ઘણી દુઃખદ ઉપેક્ષિત વૃત્તિ, અપશબ્દો, કટુવચનો અને બિલ્કુલ ક્રુર વર્તન અને તે પણ એવું જ કે જે સહજ સ્વભાવે માણસ હડકાયા કુતરાં સાથે વર્તે. તેમ છતાં પણ કેટલા બગચેલાઓ આ બગભગતને વળગી રહેતાં. તેઓના વર્તનને મારી વિદ્વત્તા થોડે અંશે ડગાવી કારણ કે હું પણ એક જીવ છું અને જીવમાત્રને આંધળી કોઠી હોય છે. જે રોજ પુરતા રોજ ખાલી. તેથી આવા બગચેલાઓ માટે દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીએ એ રાહે હું ઝુકાનેવાલા બની ગયો ! અને તે રીતે મારી મોટી ચિંતા આર્થિક પ્રવૃત્તિની (જો કે વિચારોમાં ક્ષુલ્લક) દૂર થઈ.

મારી વિદ્વતાનો હું ઉપયોગ ન કરતાં તેને લોકોને આપી વધારવાને બદલે મારામાં જ કાટ ખાવા દેતો. કેટલા મને કહેતા કે પંડિત વિદ્યા તો આપવાથી વધે. અમને પણ થોડો લાભ આપો ત્યારે હું રાતી આંખ કરી જવાબ દેતો,'મારી પાસે શિખવા માટે તમારી પાસે અધિકાર જ ક્યાં છે? એ માટે તમારે અનેક જન્મો લેવા પડશે.'

અને તેથી લોકો મારી ઉપર મુજબની પ્રસાદી અને વાગ-અમૃત આરોગતા પછી તેઓ મારી પીઠ પાછળ પ્રત્યાઘાતરૂપે શબ્દ પ્રસાદી ઓકતાં...

ના જોયો હોય તો મોટો પંડિત જાણે આખી દુનિયાનું જ્ઞાન એનામાં જ ભર્યું છે.

તો બીજો કોઈ જવાબ દેતો હેં, ''પંડિતના માથામાં આખી દુનિયાના જ્ઞાનનો ભાર ભર્યો છે તે એવોએ ચાલી કેવી રીતે શકે છે?''

અરે એ તો વિદ્વાન ન કહેવાય એ તો બહુવિદ કહેવાય જેમ માણસ ઊડી શકતો નથી પણ તેનું ભૂત-ઉડી શકે છે.

તે પંડિત જગન્નાથ ભૂત થશે?

અરે ભૂતેય થાય ને પિશાચ પણ થાય અને જો બૈરી હોત તો ડાકણ કે ચૂડેલ જ થાત,

તે જીવ અવગતીયો જ થશે નંઈ,

સો ટકા નંઈ પાંચસો ટકા. કારણ કે એ પુસ્તકીયો કીડો એની વાસના એના જ્ઞાનમાં જ અંતે પુસ્તકોમાં જ રહી ગઈ અને તેથી મને લાગે છે કે આવતો અવતાર વંદાનો જ થવાનો.

અને એના શબ્દો આજે અક્ષરઃ સત્ય નીવડ્યા. અને હું મારો બીજો અવતાર વંદા સ્વરૂપે જન્મ્યો. કારણ સ્પષ્ટ છે, મેં મારી વિદ્વત્તા મારામાં ભરેલી રાખી. કાયમ એકલો અને અતડો રહ્યો, કોઈને કંઈ જ સરળ, સહજ રીતે આપ્યું નહીં. મારા પાંડિત્યનું વિદ્વત્તાનું માધ્યમ માત્ર મારા અને પુસ્તકો વચ્ચે રહ્યું. આમ તો મેં અને મારા પુસ્તકાલયમાં ન હોય તેવા અને તેટલા પુસ્તકો વસાવ્યા, અને દરેક પુસ્તકનું પાને પાનું લીટીએ લીટી અને શબ્દે શબ્દ હું પૂરેપૂરો સમજાય ત્યારે જ પુસ્તક હેઠું મુકતો કોઈની પાસે મારા વાંચ્યામાં ન આવ્યું હોય એવું પુસ્તક જોઉં અને તેની સાથે મારો સ્વાર્થી જીવ (પુસ્તક પડાવવા પુરતો) સંબંધ બાંધવામાં એક્કો અને સામો માણસ મારી વાકપટુતાથી અંજાઈને મને પુસ્તક આપતો જે હું આ ભવે પણ પરત કરી શક્યો નથી - શકતો નથી.

અને આખરે મારો માનવદેહ વંદાના ખોળિયામાં આવીને પડયો અને તે પણ મારા પોતાના પુસ્તકાલયમાં આવેલી મારી વાંચવાની અધૂરી રહી ગયેલી બંગાળી પુસ્તિકાના પાન નં. ૧૮૨ ઉપર.

વંદાના અવતારરૂપે આવ્યા પછી મારા પુસ્તકો પૈકી ૮૩ પુસ્તકો મેં પૂરા કર્યા! (અલબત્ત કોચી કોચીને) જીવન જીવી રહ્યો છું. માણસોમાં જેમ જીવનના પ્રકાર છે કે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર, તેમ અમારા જાતિભાઈઓની માફક મેં કદી નર્કાગારમાં (બાથરૂમ, સંડાસ, ગટર) વગેરે કામ તો નથી કર્યું અને હું એટલો બધો ભાગ્યવાન છું કે મારે સદ્ભાગ્યે નર્કાગારના દર્શન પણ નથી કરવા પડ્યા. કારણ કે સાહિત્ય જીવ ખરો ને! પણ આજે મને પશ્ચાતાપ થાય છે કે જ્યારે જ્યારે નવોદિત સર્જકો મારી પાસે આવ્યા ત્યારે મેં તેમને તુચ્છકાર્યા. તેમના કાવ્યોને પ્રોત્સાહન ન આપ્યું કે કોઈની વાર્તાઓ વાંચી નહીં કે કોઈના નાટકો કે વિવેચનો ઉપર સૂચન કે માર્ગદર્શન આપ્યું નહીં. હા, કોઈના સારા વિચારોમાં મેં મરચું - મસાલો ભભરાવી મારા નામે કૃતિઓ ચડાવી દીધી ખરી! લોકો મને બળજબરીથી જ્યારે જ્યારે સમારંભમાં લઈ ગયા ત્યારે ત્યારે લોકોને ન સમજાય તેવા શબ્દોમાં ભાષણો કર્યા અને લોકો ન સમજી શકતા કારણ કે કોઈને અધિકાર ન હતો ને!

વંદાની સાથે બેઠેલો જોઈ બહારથી આવેલી તેણી

ભડકી અને તેના ડાબા પગમાંથી જમણા હાથે ચંપલ કાઢીને બિચારા વંદાને રામશરણ કર્યો.

'હે રામ '! દેહ ત્યાગ કરતાં વંદાના છેલ્લા શબ્દો હતા તેના મૃતદેહ ઉપર મારી આંખમાંથી બે આંસુના ટીપાં સરી પડ્યાં. મેં તેણીને માંડીને વાત કરી. ત્યારે તેણીના મોંમાંથી પણ તે જ શબ્દો સરી પડ્યા કે...

આ વંદો... જગન્નાથ પંડિત! વધુ ઉગ્ર સ્વરે તેના વાગબાણ ફેંકવા લાગી. હજી પણ તે વંદો તરીકે જન્મોજન્મ જીવશે, રીબાશે કારણ કે તેણે મારું કાવ્ય ફગાવી દીધું હતું અને કહ્યું કે મોટી કવિયત્રી ના જોઈ હોય તો ? અને છતાંય હું ગમ ખાઈને બીજી વાર મારી વાર્તાને યોગ્ય ઓપ આપવા તેની પાસે લઈ ગઈ તે હજુ સુધી મને પાછી તો નથી આપી પણ ઉપરથી તેમાં થોડો સુધારા-વધારા તથા ભાષા ફેર કરીને તેના નામે છપાવી દીધી!

'સાલો જન્મો જન્મ રહેશે ?'

અને હું સ્તબ્ધ નયને, વિચારશૂન્ય મને વંદાના દેહને કંઈ કેટલીયે વાર સુધી નીરખતો રહ્યો હોઈશ તેનું મને ભાન ન રહ્યું. અને મનોમન ભગવાનને મેં કહ્યું કે જો તે પંડિતમાં અભિમાન અને અતડાપણું ન ભર્યું હોત તો લોકો તેને પુજતા હોત પણ ભગવાન તમને પણ તમારું સ્થાન ન ડગી જાય તેવો સ્વાર્થ હશે!

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### દાતાઓનો આભાર

શ્રીમતી સુરેખાબેન રાજેશભાઈ ધારીયા તરફથી પુત્રી પ્રીયંકાના લગ્ન પ્રસંગે રૂા. ૧૧,૦૦૦/- હસ્તે શ્રીમતી સુમનબેન બાબુલાલ ધારીયા, તથા શ્રીમતી સુભદ્રાબેન બાબુલાલ મોદી તરફથી પૌત્ર ફેનીલના લગ્ન પ્રસંગે રૂા. ૧૧,૦૦૦/- હસ્તે શ્રીમતી શીલ્પા અમીત મોદી, મળેલ રકમનો ન્યાસફંડમાં ઉમેરો થયેલ છે.

- ***મંત્રી મંજુલ શૈલેષ ધારીયા.***

# સેક્સ મારી દૃષ્ટિએ

*સરલા સતીષ મોદી (દેવ)*

(સુવર્ણ જયંતિ અંકમાંથી)

જીવનમાં સેક્સ (કામ) એક એવો નાજુક વિષય છે કે માનવી તે પ્રગટ કરવાને બદલે ગુપ્ત રાખવાનો વધુ પ્રયાસ કરે છે. તેથી એ વિષયનું યોગ્ય જ્ઞાન તેને મળતું નથી. માનવીએ જીવનના વિવિધ ક્ષેત્રે શોધખોળો અને સંશોધનો કર્યા છે. કળા અને વિજ્ઞાનમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. પરંતુ સેક્સ વિશેનું તેનું અજ્ઞાન, અધૂરપ ઊડીને આંખે વળગે એવી જણાશે. તે એમ માને છે કે સેક્સ વ્યક્તિનું અંગત અને ગોપનીય પાસું છે. આથી એના વિશે વાતચીત કરતા પણ તે શરમ અનુભવે છે. સેક્સ વિશે ફક્ત યુવા વર્ગ જ નહીં પરંતુ પરિણીતો અને આધેડ વયના સ્ત્રી-પુરુષો પણ ભાગ્યે જ સાચી માહિતી ધરાવતા હોય છે. આ અજ્ઞાન અને અધકચરા જ્ઞાનને પરિણામે તેના જીવનમાં સમસ્યાઓ સર્જાય છે. વિકારો અને વિકૃતિઓ પેદા થાય છે તેનું જીવન અસહ્ય બની જાય છે અને સાંસારિક જીવનમાં અશાંતિ અને અંજપો નિર્માણ થાય છે. સાચી માહિતીનો અભાવ અને ખોટી શરમ અને સંકોચને કારણે તે ગેરમાર્ગે દોરાવનારી જાહેરખબરો અને ઊંટવૈદોનો આશરો લેતો થાય છે. છેવટે તેનું પરિણામ અસાધ્ય બિમારીરૂપે આવે છે, જેનો ઈલાજ કરવો કઠીન બની જાય છે.

સેક્સ - યૌન સંબંધોનો ઉલ્લેખ થતા જ સેક્સ એટલે મૈથુન. સેક્સ એટલે સંભોગ એવી છાપ આપણા માનસપટ પર તત્કાળ ઉપસી આવે છે. પરંતુ આપણે વિસરી ગયા છીએ કે આપણા પુરાણગ્રંથો અન શાસ્ત્રોમાં ધર્મ, અર્થ અને મોક્ષની જોડે કામ (સેક્સ)ને પણ જીવનમાં ચાર પરમ ધ્યેયમાંનો એક ગણવામાં આવ્યો છે. અહીં સેક્સની વ્યાખ્યા માત્ર મૈથુન કે સંભોગ પુરતી જ સીમિત નથી. સેક્સની ગણના સફળ જીવનના અનિવાર્ય અંગ તરીકે ગણાતી હોય ત્યારે કામની અર્થછાયા જીવનમાં ઘણી વ્યાપક સ્વરૂપે અનુભવી શકાય છે. જીવનમાં સંપૂર્ણ સમતુલા સિદ્ધ કરવા માટે કામકળાને આત્મસાત કરવી જરૂરી છે. માનવીના વ્યક્તિત્વનો, તેની નીજી ઓળખ તો સર્વાંગી વિકાસ સેક્સની સંપૂર્ણ સમજ વિના અધુરો છે. લગ્ન એક ફરજ અને પ્રજોત્પાદનની પવિત્ર જવાબદારી ગણાતી હોય તો મુક્ત સહચર્ય જમાનાનો તકાદો છે. શરીરની કામેચ્છાને તેના સંપૂર્ણ વ્યાપ સાથે સંતોષવાની હોય એ કાંઈ પાપ નથી કે જેને માટે ઈન્દ્રિયદમન કરવું પડે. વાત્સાયન યુગની પ્રજામાં એ સમજદારી હતી અને તેથી જ તેઓ અપરાધની ભાવના વિના સેક્સને ઉપભોગી શકતા હતા. દેવદેવીઓના મંદિરોની દિવાલો પર કામક્રીડામાં રત યુગલોના અદ્‌ભુત શિલ્પો કોતરાવી શકતા હતા.

ભૂખ અને તરસની જેમ જ સેક્સ પણ માનવીની મૂળભૂત જરૂરિયાત છે. એક યા બીજા કારણે સેક્સથી વંચિત રહી જનાર વ્યક્તિના જીવનમાં કશુંક ખૂટે છે. તાણેલો, બાંધેલો સંયમ કે દમન વ્યક્તિની ભૂખ ઘટાડતી નથી, પરંતુ સેક્સનું દમન, બંધન, સંયમ જ વિસ્ફોટક આઘાતો અને હોનારતો સર્જે છે. આપણા જીવનમાં ગેરસમજની બાબતમાં ઈશ્વર પછી બીજા ક્રમે સેક્સ આવે છે. ઈશ્વર વિશે જે કાંઈ ગેરસમજ હોય તે સર્વથા ક્ષમ્ય છે કારણ કે ગેરસમજ માટે માણસ કરતા ઈશ્વર વધારે જવાબદાર છે. ઈશ્વરે અવ્યક્ત તે અચિંત્ય રહીને માનવીને માટે ગોટાળા સર્જયા છે. અનાદિ અને અનંત એવી સર્વવ્યાપક સનાતન અને અશરીરી ચેતનાને જાણી જોઈને એણે એવી રીતે રમતી મેલી છે

કે માણસ ગોથા ખાતો જ રહે અને અંધારામાં બાખોડિયા ભરતો રહે. એવી જ ગેરસમજ આપણે સેક્સ અંગે ધરાવીએ છીએ અને અંધારામાં બાચકા ભરીએ છીએ. સેક્સ અંગેની ગેરસમજ માટે તો માનવી પોતે જ જવાબદાર છે.

જીવસૃષ્ટિની ઉત્પત્તિ, એના સાતત્ય અને સંવર્ધન માટે જવાબદાર એવી દિવ્ય તથા દેખીતી ઘટના અંગેની માણસની સમજ સાવ અધુરી, અધાર્મિક અને અવૈજ્ઞાનિક રહેવા પામી છે. આ ઘટનાને જગતના સર્વ લોકો સેક્સ કહે છે. સેક્સની ખૂબી એ છે કે સર્જન અને કહેવાતા સર્જનહારની રહસ્યમય નિગૂઢ અને અપ્રત્યક્ષ લીલાનો દાર્શનિક પુરાવો આટલો સચોટ બીજી કોઈ ઘટનામાં જડતો નથી. ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા ન થઈ શકે. આ સકલ અસ્તિત્વ કેટલું વિવિધરંગી, રમણીય અને રોમાંચક છે. આવા મનોહરી અસ્તિત્વની જાળવણી સેક્સ દ્વારા થાય છે. જે પરમચેતના અવ્યક્ત છે અને સૃષ્ટિ પર જે કાંઈ વ્યક્ત છે, બન્નેને જોડનારી કડી તે સેક્સ છે. વ્યક્ત અને અવ્યક્ત વચ્ચેના આવા રહસ્યમય સેતુને ખોખલી ધાર્મિકતા કે પછી ડગલે ને પગલે આપણને ડરાવતી - દબાવતી જડબેસલાક સામાજિકતાને નામે અવગણવાનું માણસના હિતમાં નથી. આવી અવગણનાને કારણે ઘણા ઉપદ્રવો સર્જયા છે. આ ઉપદ્રવો ઘણુ ખરું નરી આંખે ન દેખાય તેવા રહ્યા છે. આવા અનેક ઉપદ્રવના મૂળ માણસના અચેતન મનમાં રહેલા છે.

સેક્સ જેવી પવિત્ર અને પ્રભાવક બાબત સાથે પાપ અને બિભત્સતા જોડાઈ જાય એ આપણું દુર્ભાગ્ય છે. માણસે કરેલા તમામ અત્યાચારોમાં જો કોઈ સૌથી મોટો અને ઘાતકી અત્યાચાર હોય તો તે છે સેક્સ અંગેની પૂર્વધારણા અને ખોટી માહિતીના કારણે પોતાની જાત સાથે કરેલો અત્યાચાર. સેક્સ અંગેના પૂર્વગ્રહોને કારણે આવો સ્વલક્ષી અત્યાચાર તથાકથિત ધાર્મિકતા સાથે જોડાતો રહ્યો છે. સેક્સને ધર્મમાં પહોંચેલી કન્યાઓ જોડે બેસીને સેક્સના એ આવિષ્કારને કઈ રીતે જીરવી શકાય ? સેક્સના એ આક્રમણને ખાળવા જેટલા આપણે પુખ્ત અને પ્રબુદ્ધ બન્યા નથી. સેક્સ અને વાસના વચ્ચેની પાતળી ભેદરેખા સમજવાની છે. કામવાસના એ કેવળ ઈન્દ્રિય આવેગ પૂરતી મર્યાદિત નથી. તેમાં શારીરિક સુખ સાથે માનસિક સંતોષને તૃપ્તિ મળે છે. તેમાં ઈન્દ્રિય, સ્ત્રી-પુરુષોના સંબંધો, લગ્નજીવનનું સ્વાસ્થ્ય, દાંપત્યજીવનની ગરિમા, શારીરિક તંદુરસ્તી, કુટુંબ કલ્યાણ અને સમાજની સુખકારીના અનેકવિધ પ્રશ્નો સંકળાયેલા છે. સેક્સ વિશેની પૂરતી જાણકારી વિના, સેક્સ અંગેના શાસ્ત્રોક્ત જ્ઞાન વિના આ પ્રશ્નોના ઉકેલ શોધવાના મિથ્યા પ્રયાસમાં આપણે અટવાયા છીએ.

સદીઓથી જોડાઈ ગયેલી પાપગ્રંથિને કારણે સેક્સને વૈજ્ઞાનિક રીતે સમજવાનું દૂર ઠેલાતું ગયું. ધર્મગુરુઓએ આ ગ્રંથિને પોષવાનું જ કામ કર્યું છે. પાપગ્રંથી જીવનનું ખૂબ મહત્ત્વનું પરિબળ જ નહીં, મુક્તિ આપનારું પરિબળ પણ છે. સેક્સ એ જીવન શક્તિ છે. પ્રેમની અભિવ્યક્તિનું નિમિત્ત છે અને જીવનની એકતા - સમગ્રતાને પામવાની આપણી ઝંખનાનું સંગીત છે. નિક ડગ્લાસનું મંતવ્ય સેક્સના રહસ્યને સમજવામાં ખપ લાગે તેવું છે. એ કહે છે, Sexual liberation implies the libertion of the whole being : body, mind and spirit. This holistic view point is an essential ingredient to understand the sexual secrets.

સેક્સમાંથી છૂટકારો એનો અર્થ શરીર, મન અને આત્મા સહિત સમગ્ર અસ્તિત્વની મુક્તિ એવો થાય. આવો અખિલાઈભર્યો દૃષ્ટિકોણ સેક્સના રહસ્યોને સમજવાની પૂર્વશરત ગણાય.

# ઈશ્વરની કૃપા કે પ્રભુના સંકેત વિના, કશુ જ સંભવ નથી...

ક્રિકેટની રમતમાં ભારત સુપર પાવર તરીકે ઉભરી રહયુ છે. ભારતીય ટીમે ન્યુ ઝીલેન્ડના પ્રવાસમાં વન ડે સીરીઝ તથા ટેસ્ટશ્રેણી જીતી ઈતિહાસ રચ્યો. છેલ્લે ન્યુ ઝીલેન્ડમાં ૧૯૬૭-૬૮માં આપણી ટીમ ટેસ્ટ શ્રેણી જીતી હતી. ૪૧ વર્ષોની લાંબી મંજિલ બાદ ભારતીય ક્રિકેટ ટીમે એક વિરલ કીર્તિમાન અંકિત કર્યો છે. ટીમના તમામ સભ્યોએ હકારાત્મક અભિગમ સાથે પ્રભાવશાળી દેખાવ કર્યો છે. આ ગૌરવપુર્ણ ઉપલબ્ધિ માટે સમગ્ર ટીમની મહેનત, કોચનું યોગદાન, તમામ ક્રિકેટ પ્રેમીઓની શુભકામના વિ.વિ. પરિબળોનો ફાળો તો છે જ. પણ સાથે સાથે દૈવી કૃપાનું પણ એટલુ જ મહત્વ રહેલુ છે. જોરદાર મહેનત બાદ કોઈપણ વ્યક્તિ યા કોઈ ગ્રુપ કે પછી કોઈ સંસ્થા કાંઈક ઉત્તમ પ્રાપ્ત કરે તો એ પ્રાપ્તિ પાછળ સહુ પ્રથમ પુરૂષાર્થ અને ત્યારબાદ ઈશ્વરકૃપાનું યોગદાન બંને છુપાયેલા હોય છે.

તાજેતરમાં જ સાઉથ આફ્રિકામાં રમાયેલ આઈ પી એલ મેચોની મજા સહુ ક્રિકેટ પ્રેમીઓ એ માણી. સામાન્ય રીતે ૨૦-૨૦ મેચોમાં યુવા અને ચુસ્ત ખેલાડીઓની બોલબાલા હોય છે. પણ આ ફોરમેટની રમતમાં આક્રમક રીતે રમતા ખેલાડીને ઉંમરનો પ્રશ્ન નડતો નથી. આ મેચો માટે ખેલાડીઓના નામની નીલામી થઈ રહી હતી. ત્યારે સચિન તેડુંલકરે મુંબઈ ઈન્ડિયન્સ ટીમના માલિક મુકેશ અંબાણીને સૌથી વયસ્ક ખેલાડી જયસુર્યાને કોઈપણ કિંમતે કરારબધ્ધ કરવા સુચન કર્યુ. પોતાનું મંતવ્ય આપતા સચિને કહયું ‘જયસુર્યામાં એકલા હાથે પોતાની ટીમને જીતાડવાની કાબેલિયત છુપાયેલી છે. એ જ્યારે ડ્રેસિંગ રૂમમાં બેઠો હોય ત્યારે ઈશ્વરમગ્ન બની એકાગ્રતા કેળવે છે. અને મેદાન ઉપર ઉતરતા જ વિસ્ફોટક બની જાય છે. તેના શોટ્સ, પાવર અને ટાઈમિંગ અસાધારણ છે. એ એક જબરદસ્ત ઈશ્વરીય દેન ધરાવતો ખેલાડી છે. આ ઈશ્વરીય દેન શું છે ? એજ પ્રભુકૃપા. માનવી પાસે બધુ જ હોય પણ જો પ્રભુની મહેર ન હોય તો માનવીમાં રહેલ ગુણોની કોઈ કિંમત નથી.

આપણા દેશમાં લોકસભાની ચૂંટણી પુર્ણ થઈ. તમામ પાર્ટીઓએ ખુરશી અને સત્તા મેળવવા અનેક દાવપેચ લગાડયા. આપણા દેશના તમામ રાજકારણીઓ એક યા બીજા બાબાના ભક્તો છે. અત્યાર સુધી દેવ-દેવતાઓમાં ન માનનાર તથા કર્મકાંડથી દૂર રહેનાર શરદ પવારે મહાતોબા જોગુબાઈ મંદિરમાં પૂજા કરીને ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો. મહારાષ્ટ્રના કુળદેવી તુળજાભવાની મંદિરના દર્શને ગયા બાદ જ તેઓએ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતુ. આ ઉપરાંત તેઓ પંઢરપુરના વિઠ્ઠલ મંદિરના દર્શને પણ ગયા હતા. આ મરાઠા નેતા વડાપ્રધાન બનવા અધીરા બન્યા છે. આ વખતે એમની મુરાદ પુર્ણ થાય છે કે નહિ એ હકીકત આ જ્યોતિપુંજ હાથમાં આવતા સુધીમાં તો લગભગ નક્કી થઈ ગઈ હશે., પણ એક વાત જરૂર છે કે મનુષ્ય ગમે એટલા વલખા મારે, અપાર દાવપેચ લગાવે, શક્ય હોય એ તમામ પ્રયત્નો કરી લે પણ અંતે તો જો ઈશ્વરીય કૃપા થાય તો જ ઈચ્છિત ફળ મળી શકે.

પ્રત્યેક માનવીનું જીવન કર્મ અને ભાગ્ય ઉપર અવલંબે છે. પુરૂષાર્થ એ વ્યક્તિના હાથમાં વસે છે. જ્યારે પ્રારબ્ધ તો ઈશ્વરકૃપાને આધિન છે. ભાગ્યની

ગતિ ખૂબજ ન્યારી છે. કર્મ ગમે એટલા કરો અંતે તો બધુજ દૈવી કૃપા પ્રમાણે બનતુ હોય છે. તુલસીજીનાં છોડને દિવસમાં માત્ર એક જ વાર પાણી સિંચવામાં આવે તો પણ છોડ ઉપર અનેક પાન ખીલે છે, જ્યારે પલાશના છોડને દિવસમાં ગમે એટલી વાર પાણી પીવડાવો એના છોડ ઉપર ગણતરીનાંજ પાન ઉગે છે. ભાગ્યના ખેલ પણ નિરાળા હોય છે. આપનાર માનવી લેનાર માનવી ઉપર ગમે એટલો ખુશ થઈ જાય પણ આપનાર વ્યક્તિ લેનાર વ્યક્તિના ભાગ્યથી વધુ એક કોડી પણ આપી શકતો નથી. એક માનવી બીજા માનવીના હાથમાંથી બધુ જ છીનવી શકે છે પણ એજ માનવી બીજા માનવીના ભાગ્યમાંથી કંઈ જ છીનવી શકતો નથી.

ટીવી ટાયકૂન અને 'કે' શબ્દ ઉપરથી શરૂ થતી ટીવી સિરીયલોની મહારાણી એકતા કપુરે ભાગ્યના અનુસંધાનમાં એકવાર બહુ સુંદર વાત કહી હતી. ''ઈશ્વરમાં મને અસીમ વિશ્વાસ છે. ઈશ્વરની કૃપા વિના કશુજ મળતુ નથી. ઘણા લોકો ડંફાસ મારતા કહે છે કે આપણે મહેનત કરીએ એનાં ફળ આપણને મળે એમાં વળી ઈશ્વર કયાં વચ્ચે આવ્યો ? આવા લોકોને મારે એક વાત કહેવી છે કે હું રોજ દસ-બાર કલાક કામ કરુ છું. મારી માફક રિક્ષા ચાલક પણ રોજના એટલા જ કલાક કામ કરે છે. પણ મને જે સુખ સાહયબી અને સગવડો મળે છે તે એને કેમ મળતા નથી. દરેક જણ પોત-પોતાનું કર્તવ્ય નીભાવે છે પણ ફળ તો ઈશ્વરની મરજી પ્રમાણે જ મળતુ હોય છે'.

એકતા કપુરે કહેલી આ સચોટ વાત સાથે ટી.વી. સિરીયલ સાત ફેરેની અભિનેત્રી સલોનીના જીવનમાં બનેલી ઘટના પણ જાણીએ તો ઈશ્વરની કૃપા થઈ જાય તો માનવીનો બેડો પાર થઈ જાય એ વાતની પ્રતીતિ થયા વિના ન રહે. શરૂઆતના સ્ટ્રગલના દિવસોમાં સલોનીને એક મોટી સિરીયલમાં દમદાર રોલ મળ્યો હતો. પોતાનું ભાગ્ય ખુલી ગયુ અને જિંદગી હવે કરવટ બદલશે એવા સ્વપ્નો એ જોવા લાગી હતી. પણ કોઈ કારણસર આ સિરીયલ એના હાથમાંથી ચાલી ગઈ. કારકીર્દિની શરૂઆતમાં જ બહુ જ સારુ કંઈક મળવાનું હોય અને હાથમાંથી છીનવાઈ જાય ત્યારે પારાવાર દુઃખ થાય. પણ અહીં ઈશ્વરની કૃપાનો અંત નથી હોતો. ક્યારેક ભાગ્યના એક દરવાજો બંધ થાય તો બીજા અનેક દરવાજા ખુલી પણ શકે છે. સલોનીના જીવનમાં પણ એવુ જ બન્યુ એને જે ફિલ્મમાં એક રોલ ભજવ્યો હતો તે ફિલ્મ આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલમાં દર્શાવવામાં આવી હતી. જેના કારણે તેને સાત ફેરેનો જાનદાર રોલ ભજવવાનો મોકો મળ્યો અને આ સિરીયલના કારણે પોતે રાતો-રાત સ્ટાર બની ગઈ. આને ઈશ્વરની કૃપા કે દૈવી ચમત્કાર ગણાય કે નહિ ?

વર્તમાન સમયની રોજબરોજની મુશ્કેલીઓમાં શ્રધ્ધાના બળ ઉપર જ માનવી જીવન ટકી રહયુ છે. માનવીના જીવનમાં ગમે એટલા સંકટો આવે પણ જો પ્રભુમાં શ્રદ્ધા હોય તો દુઃખો વચ્ચે પણ જીવન જીવવાનું બળ મળી જતુ હોય છે. આસ્થાનો સબંધ કોઈ એક ધર્મ કે કોઈ એક દેવ–દેવી સાથે હોતો નથી. પ્રભુ પ્રત્યેની આસ્થાનો સબંધ આપણા અંતરના તાર સાથે વણાયેલો હોય છે. તેથી જ પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવ્યા બાદ જ્યારે સફળતાનો સ્પર્શ માણવા મળે ત્યારે અંતરના અવાજનો રણકો સંભળાય છે કે, ''શ્રધ્ધા જ મારી લઈ ગઈ મને મારી મંઝિલ સુધી.''

પણ ક્યારેક એવુ પણ બને કે ઘણા લોકોનું નસીબ સતત બે ડગલા પાછળ જ ચાલે. માનવી બિચારો અનેક મન્નતો રાખે, દેવ-દેવીઓને રીઝવવા લાખ પ્રયત્નો કરે પણ કુદરત સાથ ન આપે ત્યારે એક કવિનો શેર સંભળાવવાનું મન થઈ જાય.

'ઠોકર અસંખ્ય મારી હું સીધું દોર કરી દઈશ,
જો હદથી વધુ નસીબ મુજને સતાવશે તો.''

**- પંકજ.કે.શાહ**

# પ્રેમના પ્રકાર

| | |
|---|---|
| ૧ - શીશુ અવસ્થા | શૈશવકાળનો પ્રેમ |
| ૨ - બાલ્યાવસ્થા | નિર્દોષ પ્રેમ |
| ૩ - યૌવન | આકર્ષણનો પ્રેમ |
| ૩ - મુગ્ધાવસ્થા - કિશોર અવસ્થા | મુગ્ધ પ્રેમ |
| ૫ - પરીપક્વ પ્રેમ | |
| ૬ - પરિણય પ્રેમાવસ્થા | |
| ૭ - Erotic Love | |

પ્રેમ એટલે પરસ્પરનું આકર્ષણ તો ખરું જ પરંતુ તેથી પણ વિશેષ કંઈક અર્પણ કરવાની ભાવના. પરસ્પર ને હરપળ કંઈક આપવાની પામવાની ભાવના. તે જ માત્ર ખરો પ્રેમ હાર-જીતની કોઈ પણ ભાવના વગરની માત્ર નિર્ભીક લાગણી તે જ ખરો પ્રેમ. એક બીજાની ભૂલોનો હાર્દિક સ્વીકાર તથા કોઈ જાતની પરાયાપણાંની લાગણીનો અભાવ તે જ સાચો પ્રેમ. પ્રેમમાં પડેલ વ્યક્તિને દુનિયાદારીની કોઈ જ લાગણી સ્પર્શતી નથી. જ્યારે બે હૃદય એક બીજા પ્રત્યેની લાગણીથી સભર બને અને હંમેશા એકમેકને કશુંક આપવાની સમર્પણની ભાવના લાગણી ઉદભવે તે જ સાચો પ્રેમ. એક મેકને ખરી રીતે સમજવાની લાગણી તથા એક બીજા પર સંપૂર્ણપણે ભરોસો તથા કોઈપણ જાતની શંકા, સંદેહ કે વહેમ વગરની માત્ર નિર્દોષ લાગણી માત્ર જ ખરો પ્રેમ કહી શકાય. નિર્મળ પ્રેમ એ ખળ ખળ વહેતા ઝરણાં સમાન હોય છે ત્યારે તમોને શાક્ષાત ઈશ્વરનાં સાન્નિધ્યની લાગણી જન્મે છે અને હૃદય ખરેખર ઈશ્વરમય બની પુલકિત થઈ જાય છે.

સાચો પ્રેમ તેઓને સત્ય ઈશ્વરનાં માર્ગે લઈ જશે. સાચો પ્રેમ હાર-જીતથી પર હોય છે.

પ્રેમ સેક્સ એકબીજા સાથે સતત સંકળાયેલા હોય છે. તે સીક્કાની બે બાજુ સમાન છે. પ્રેમમાં પડેલ વ્યક્તિને દુનિયાદારીનું ભાન રહેતુ નથી. પ્રેમીઓ હંમેશ એકબીજામાં સતત ખોવાયેલા જોવા મળે છે. પ્રેમ એક સુખદ અનુભુતિ માત્ર છે. પ્રેમ કરવો કદાચ આસ્કમિક છે. પરંતુ પ્રેમની વાતોમાત્રથી કંઈ કોઈનું પેટ ભરાતુ નથી. સુખદ પરિણય માટે પ્રેમ ખૂબજ કિમતી જણાય છે. પ્રેમમાં ગળાડૂબ વ્યક્તિ ગમેતેવી કઠીન પરિસ્થિતીનો સામનો કરવા સદાય તત્પર રહે છે. પ્રેમ આપવાથી વધે છે. માગણી કરવાથી ઘટે છે.

પ્રેમનું આકર્ષણ એકમેકને આજીવન વળગેલું જોવા મળે છે. એમ કહેવાય છે કે પ્રેમ એક આકસ્મિક ઘટના છે જે અચાનક ક્યારે, કેવી રીતે થઈ જાય છે જેની પ્રેમમાં પડેલ વ્યકતિને ભાગ્યેજ જાણ થાય છે. પ્રેમમાં ગળાડૂબ વ્યકતિને દેહ, દશાનું આજુબાજુનું કે કવચિત આ દુનિયાનું જીવ સૃષ્ટિનું કશાયનું પ્રમાણ, ભાન રહેતું નથી. આથી જ કદાચ પ્રેમની સરખામણી અંધકાર, આંધળો છે તેમ કરવામાં આવેલ છે જે બીલકુલ સત્ય, ૧ ને ૧ બરાબર જેવી સ્પષ્ટ વાત છે.

આધુનિક યુગમાં પ્રેમ, વિશ્વાસ, સચ્ચાઈ વગેરેનું ખૂબજ મહત્વ છે. પ્રેમ વિનાની સૃષ્ટિની કલ્પના અશક્ય છે. પ્રેમ તો પશુ, પંખી, પ્રાણીઓ પણ કરે જ છે. પરંતુ માનવીની માનવ તરીકે પ્રેમ કરવાની માણવાની તથા પરસ્પરનાં આજીવન સાથ નિભાવવાની કળા કંઈ ઔર અને વિશિષ્ટ જ છે.

પ્રેમ મહાન છે. પ્રેમમાં પડયા બાદ પ્રેમ નિભાવવો અને લાંબા સમય સુધી ટકાવી રાખવો ઉચીત છે. પ્રેમજ એવી એક જણસ છે જે વ્યક્તીને આ જીવન સરસ જીવવા માટે પ્રાણવાયુ પુરો પાડે છે. અને આ જગત સતત પ્રેમભાવ પર જ નિર્ભર છે.

આવો આપણે સાથે મળી એક સંકલ્પ કરીએ. જીવીએ ત્યાં સુધી દરેક વ્યક્તિને ચાહીએ તેને માન આપીએ અને સર્વેને સમાન અધિકાર હક્કની પ્રાપ્તી થાય.

**- રાજેષ કડકીઆ**

# ચક્ર

ચક્ર એટલે આપણને શ્રી કૃષ્ણ ભગવાનનું સુદર્શન ચક્ર યાદ આવે, અને બીજુ યાદ આવે પૃથ્વીનો ફરતો ગોળો. ગોળ એટલે ચક્ર, રૂપિયો પણ ગોળ છે અને પૈડું પણ ગોળ છે. બિંદુ પણ ગોળ છે.

પ્રભુ પ્રાર્થનાનું એક જ બિંદુ, વિષનું એક બિંદુ, ઝાકળનું એક બિંદુ, વર્ષાનું એક બિંદુ, લોહીનું એક બિંદુ, દવાનું એક બિંદુ, નાનું અમથું બિંદુ તરણ તારણ બંને જ્યારે બને સિંધુ.

પૃથ્વી ગોળ છે. ફરતી રહે છે, ચક્ર ગોળ છે ફરતું રહે છે. પણ આધાર માત્ર એક બિંદુ અને એજ સત્ય છે. શ્રીજી બાબા ડેસ્ટીનેશન પર સીધા જ મૂકે છે અને ગણેશજી પ્રેરક બને છે. ભક્તિનો તોલ કરીને.

હાં હાં હું તો નાનકડું બિંદુ
સાગર દેશ વસુ, સૂરજની સાખે તપુ
વૈશાખી વાયરે ઝુમું, ધીકતી ધરાનો પ્રાણ સિંધુ
એક એકે અનેક બિંદુ, ભેળા મળીએ તો બને સિધું.
બની ઝાકળ બિંદુ ઉગતી ઉષાનો રંગ ઝીલું
કવિની કવિતા બનુ, લહેલહાતી ખેતીએ સિંચાવું
ખેડું રાજાને હરખાવું, જીવતા જીવોનો પ્રાણ સિંધુ
હં હાં હું તો નાનકડું બિંદુ.

આમ બિંદુ સિંધુ પણ બને. આવું જ છે આપણા જીવનનું ચક્ર, જન્મ અને મરણનું એ પણ અવિરત ફરતું રહે છે. અને એનો સૂત્રધાર એક માત્ર એક આપણો ઠાકોરજી જ તો વળી અને એટલે જ તેમની આંગળી પર સુદર્શન ચક્ર ફરતું જ રહે છે. ઋતુનું પણ ચક્ર ફરતું જ રહે છે. ફરતાં ચક્રનો કોઈ છેડો હોતો નથી. ફરતાં ચક્રની હર જીવંત વ્યક્તિને પ્રાણીમાત્રને જરુરત હોય છે. રૂપિયો પણ ગોળ છે અને રૂપિયાથી જ જરૂરીયાત માત્રને મેળવી શકાય છે. તમે વિચારશો તમારી પાસે ઘણી ઘણી મિલ્કત છે. સર્વે સંપન્ન છો તમે, એ સાચું છે. પરંતુ પ્રશ્ન એક જ ઉદભવે છે. ગત જન્મના સંચિત કર્માનુસાર મળેલી આ સાહબી, શારીરીક સંપત્તિ સુખી હોવાની સૂચકતા દાખવતી હોય, પરંતુ સંચિત કર્માનો ભર્યો ભંડાર ખાલી થશે તો ? કુવામાંથી ઘણા બેડા પાણી સિંચાય પરંતુ તેમાં આય થતી રહે છે, તે જ સૂચવે છે કે આપણે પણ આપણા સંચિત કર્મની આય થતી રહેવી જોઈએ, અને એ માટેનું પ્રયોજન એટલે જ નિર્મળ મનની ભક્તિથી આય પૂરી કરતાં રહેવું તમે પણ એટલું તો જરૂરથી વિચારી શકો છો કે મેં એવા તે શા પુણ્ય કર્યા છે કે પ્રભુએ મને આ સુખ સાહબી આપી છે ? જન્મ ધરીને અત્યાર સુધીના કર્માનો હિસાબ માંડો તો જરૂરથી વધારે મળેલી સંપદાના શા મોલ છે તે સમજાશે, અને વિચારતાં મન માનશે કે પ્રભુજીએ તો તે ગણના કરતાં અનેક ગણુ આપેલું છે, પરંતુ આપનાર આપણા શ્રી ઠાકોરજીને ચરણે તમે શું અમુલ્ય એવું ધરી શકો કે પ્રભુજીના આ જનમ જનમના ઉપકારને ફેડી શકો ? પ્રભુજીએ તો જન્મ ધરી આજ સુધી જે આપ્યું છે એમાં પહેલો તો માનવ દેહ નખશીખ સુંદર, મીઠી નિંદર, રહેવા માટે આલીશાન ઘર તથા વગર બીલ ભરે, સૂર્ય પ્રકાશ, હવા, અનાજ, પાણી મળતાં રહેલાં છે. જો કોઈ આપણને એક ડીશ નાસ્તો ઢાંકી જાય તો સામે આપણે પણ તેમને કંઈક તો જરૂરથી મોકલશું ? કોઈ જમાડે તો સામે આપણે પણ જોઈ નહી રહેતાં સાટુ વાળવા ઉત્કંઠ બનીશું કોઈનો વ્હેવાર પણ લઈને પાછો વાળવાનો જરૂરથી પ્રયત્ન કરીશું ? તો પ્રભુજીએ આપેલી છલકાતી સંપદાના સાટાં શેં વાળશો ?

શ્રીનાથજી પ્રભુના દર્શનાર્થે નાથદ્વારા જઈ આવશે પરંતુ ઉદયપુરની નારાયણ સેવા સંસ્થાનમાં

એક આંટો મારે તો ? જાણે કે પ્રભુજી કેમ વિકલાંગોને સજા આપી છે અને ઉપરથી દયાની મલમપટ્ટી પણ પ્રભુજી કરે છે. કારણ કર્તાર અને તરણ તારણ તો આપણો દયાળુ પ્રભુજી જ છે. કર્મ તોલી સજા પણ તે જ કરે છે અને દયા મમતાનો મીઠો હાથ પણ તેજ પ્રસારે છે આજ રીતે ગોકુળ શ્રીકૃષ્ણના ધામમાં હજારો ભક્તો જાય છે. અને વૃંદાવન પણ પરતું ત્યાં જઈ અનાથ બાળકોના વાત્સલ્ય ધામમાં એક લટાર મારે તો ? જાણે કે માનવીઓની સેવા કઈ મજબુરી હોતી હશે કે બાળક જન્મેને તેને ત્યાગી દેતો હશે ? શા માટે જન્મ આપતો હશે એમ તમે સૌ કોઈ બોલી દેશો પરંતુ કર્તાર અને તરણતારણ તો આપણો પ્રભુજી દયાળુ કરતો જ રહે છે. કર્મને તોલી સજા આપી ઉપરથી દયાની મલમપટ્ટી આજ રીતે મથુરામાં વિધવાશ્રમમાં જાવ લટાર મારી આવો. 'કર્મોનો સંગાથી જગમેં કોઈ નહી'. અને વળી કન્યાકુમારી તો ઘણા જણ જતા હશો પરંતુ ત્યાં પણ' વિવેકાનંદના કેન્દ્ર ભારતી જે ત્રણે સમુદ્રની વચ્ચે આવેલો છે. અહીંયા પણ નોધારા બાળકોને શિક્ષણ સાથે પાલન પણ થઈ રહયું હોય છે. બે ઓફ બેંગાલ, અરબી સમુદ્ર અને હિંદી મહાસાગરની ઘુઘવાટ સાથે સેવા, શિક્ષણનું ધન લુંટાવાય છે. પરંતુ માનવીનું મન હજુ કલુષિત જ રહયું છે. તેમનામાં જો સાચો ભાવ હોય તો જીવતા જીવોને જ શિવ ગણી દયા મમતાનો હાથ પ્રસારી શકે ? તમારી ધન દોલત જે પ્રભુજીની કર્મો તોલી અપાયેલી દેણ છે તો તેમાંથી ધનસાગરમાંથી બે બુંદ જ આપવા કૃપા કરો તો ? આજ રીતે બીજા અનેક આશ્રમો તથા માનવ સેવા મંડળો હોય છે એ ઉપરાંત કંઈક મજબૂર લોકો હોસ્પિટલોમાં લાચારી ભોગવતાં હોય છે. લક્ષ્મીજીના અભાવે, તો પ્રભુજીએ તો સર્વેમાં દયા મમતાનું બીજ રોપેલું છું. તેને તમે કેમ કરી અંકુરીત કરશો ? દરેક જણની એક જ દલીલ હોય છે. સૌ પોતાની રીતે કરતાં જ હોય છે. દાન-પુણ્ય વાત સો ટકાની હોય તેમની પરંતુ એક જ વિચારે કે આવતો જનમ આપણો કેવો હશે ? સંચિત કર્મો આપણા સમાપ્ત થાય પછી શું ? જન્મો જનમનું ચક્ર ફરતું જ રહે છે. એજ રીતીએ રૂપિયાઓ પણ ગોળ છે. પ્રભુજીના ચક્રની જેમ ફરતો રહે તો ?' એક નાના અમથી દિવાની જયોત આખો ઓરડો અજવાળે છે એજ રીતે નાના,નિર્માલ્ય, લાચાર, માટે વપરાતો રૂપિયો તમારાં જીવનનો ઓરડો, અજવાળશે. રૂપિયો પ્રભુજીના ચક્રની જેમ ગોળ છે, ફરતો જ રહે છે.

લક્ષ્મીજીનું ચક્ર ફરતુ રહે તો પવનચક્કીની જેમ શક્તિ ઉર્જા બઢાવશે તમારી આજની મુસીબત કંઈક લોકોને પાડશે યા મોંઘવારીયે બે ટાંટિયા ભેગા કેમ કરવા એ મિડલમેન માટે મુશ્કેલ પ્રશ્ન છે. દૂધના ભરેલા ગ્લાસમાં એક વિષનું બિંદુ આમ ફરી ફરીને વાત બિંદુ પર આવી રહી છે જે ગોળ છે જેનો કોઈ છેડો જ નથી. પવન ચક્કી પણ ગોળ ફરી ઉર્જા પેદા કરેછે. એજ રીતી એ આપ સૌ પ્રભુને રીઝવવાની ઉર્જા પેદા કરો. રૂપિયાનું ચક્કર ફેરવીને ? પ્રભુજીના સુદર્શન ચક્કરની જેમ બિંદુ, રૂપિયો, પૃથ્વી ગોળ છે અને એના ચક્રમાં તમારા જીવન ચક્રને ફરતુ રાખોને એક નાનો દિવડો આખો ઓરડો અજવાળે તેમ તમારું જીવન ઉજાળો.'

*- ઉષા એસ.ધારીયા*

## શ્રી બાલાસિનોર સંઘ

સંસ્થાના કાર્યાલય માટે ફુલ ટાઈમ અથવા પાર્ટ ટાઈમ એકાઉન્ટન્ટ (ટેલી -૯)માટે જરૂર છે મંત્રીનો સંપર્ક કરવો.

**મંજુલ ધારીયા**

**મોબાઈ નંબર - ૯૮૨૦૧૩૫૦૧૪**

# મૃત્યુને આવકારો....

આ શિર્ષક વાંચીને ચમકશો નહી. મહા પ્રસ્થાન એટલે મૃત્યુ. આ ત્રણ અક્ષરનો શબ્દ ભલભલાનાં તનમાં ધ્રુજારી ઉત્પન કરી દે છે. મૃત્યુ કોઈનેય ગમતું નથી. આપણને સહુને આપણાં જીવન પ્રત્યે એટલો બધો મોહ છે કે એંસી-નેવું વર્ષે પણ જો મૃત્યુનો ઓછાયો નજરે પડેતો આપણે સહુ ઈશ્વરને પ્રાર્થના કરવા બેસી જઈએ છઈએ. કે હજુ થોડા વર્ષો મૃત્યુ રોકાઈ જાયતો સારું !

આપણાં ઘરનાં આપ્તજનોને છેલ્લા પ્રણામ કરવાના બદલે મહામૃત્યુંજયનાં જાપ કરવા વિનંતી કરીએ છીએ. આ સઘળી મોહમાયા ઈશ્વરે જ આપણામાં મૂકી છે અને આપણી પરીક્ષા કરે છે. કે આ જીવને જીવતાંતો આવડયું નથી. પણ મરતાં પણ નથી આવતડતું ! આ જગતમાં મોટાં ભાગનાં માણસોની આવી જ દશા છે. આનું કારણ એજ છે કે મૃત્યુનાં મહાત્મ્ય વીશે કદાચ આપણે ઋષિ-મુનિઓ કે મહાનુભવોએ લખેલાં ગ્રંથો કે પુસ્તકો વાંચ્યા નથી અને કવચિત જો વાંચ્યા છે તો તેને જીવનમાં ઉતાર્યા નથી કે નથી તેનાં પરથી કશો બોધપાઠ લીધો.

આપણે કોઈ ટુંકી મુસાફરી માટે પ્રસ્થાન કરવાનું હોય તો કેટલી બધી કાળજી લઈએ છીએ. કોઈપણ અગત્યની વસ્તુ સાથે લઈ જવાની બાકી ના રહી જાય એટલા માટે એક યાદી બનાવીએ છીએ. કપડા, નાસ્તો, મુખવાસ, દવાઓ વગેરે વગેરે પરંતુ અનંતની યાત્રાએ એટલે કે મહાપ્રસ્થાન માટે આપણે ભાગ્યેજ કોઈ પ્રકારની તૈયારી કરતા હોઈએ છીએ. તેથી જ્યારે મહાપ્રસ્થાનનો સમય આવી ઉભો રહે છે ત્યારે વિમાસણમાં મૂકાઈ જઈએ છીએ. જે શુભ કાર્યો જીવન દરમ્યાન કરવાનાં જરૂરી હતાં તેનું ચેકલીસ્ટ આપણે બનાવતાં જ નથી. અને ખરેખર આગ લાગે ત્યારે જ કૂવો ખોદવા બેસીએ છીએ. એટલે જ શરીરમાં લાગેલી પસ્તાવાની આગ કેમે કરી બૂઝાતી જ નથી.

આથી જ સંત કબીરે સત્યજ કહયું છે ને કે ‘અબ પછતાયે ક્યા હોગા જબ ચિડિયા ચૂગ ગઈ ખેત.’ આપણાં જીવનમાં કશું જ નિશ્ચિત નથી. એક માત્ર નિશ્ચિત છે મૃત્યુ ! આપણે સહુતે ખૂબજ સારી રીતે જાણીએ છીએ પણ તે સાર્વત્રિક સત્ય પરત્વે આપણે હંમેશા લાપરવાહ રહયા છીએ. મહાભારતમાં જયારે પાંડવો અને દ્રોપદીને જયારે પાણીની તરસ લાગી હોય છે ત્યારે સૌ પ્રથમ નકુળ જળાશયની તપાસ કરવા જાય છે. જળાશયમાંથી જેવો તે પાણી લેવા જાય છે ત્યારે એક યક્ષ પ્રકટ થઈ તેને પ્રશ્ન કરે છે અને જણાવે છે કે અગર તું મારાં પ્રશ્નનો ઉત્તર આપીશ તો જ તને પાણી લઈ જવા મળશે. પરંતુ  નકુળ તેનાં આદેશની અવજ્ઞા કરી પાણી પીએ છે તેથી મૃત્યુ પામે છે.

ત્યારબાદ અર્જુન, સહદેવ તથા ભીમની પણ આવીજ દશા થાય છે. છેવટે ધર્મરાજ .યુધિષ્ઠીર તેઓનાં ભાઈઓની તપાસ કરવા જાય છે અને તળાવ કાંઠે મૃત્યુ પામેલાં ભાઈઓને જુએ છે. ત્યારે પણ યક્ષ તેમને જણાવે છે કે આ બધાંનું મૃત્યુ મારાં પ્રશ્નોનાં ઉત્તર ન આપવાથી થયું છે. અને ધર્મરાજ ને પણ યક્ષ જણાવે છે કે તમારે પણ મારાં પૂછેલાં પ્રશ્નોનાં ઉત્તર આપવા પડશે.

ધર્મરાજ યુધિષ્ઠિર તેઓનાં આદેશની અવગણનાં ન કરતાં તેઓનાં પૂછેલાં સર્વે પ્રશ્નોનાં સંતોષકારક જવાબ આપે છે અંતે એક કઠીન પ્રશ્ન પૂછતાં યક્ષે કહયું કે હે ધર્મરાજ આ દુનિયામાં સહુથી મોટું આશ્ચર્ય શું છે ? યુધિષ્ઠિર તેનો ખૂબ જ સુંદર પ્રત્યુતર આપતાં જણાવે છે કે આ પૃથ્વિ પર જન્મેલી દરેક વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત છે. કેટલીએ વાર તે પોતાનાસ્વજનોને

સ્મશાનમાં અગ્નિ દાહ આપી આવ્યો હોય છે, છતાં પોતે જાણે અમરતા લઈ આવ્યો હોય તેમ વર્તે છે. આ દુનિયામાં આનાથી વધુ મોટું આશ્ચર્ય શું હોઈ શકે ?

આવો સુંદર જવાબ સાંભળતાંજ યક્ષ ધર્મરાજ યુધિષ્ઠિર પર પ્રસન્ન થઈ પાણી લઈ જવાની અનુમતિ આપતાં ચારે પાંડવ બંધુઓને સજીવન કરે છે. આથીજ આપણે સર્વેએ એક બોધપાઠ જરૂરથી જીવનમાં લેવો રહયો કે આપણે સહુએ એક નિશ્ચિત સમયે આ શાશ્વત જગતમાંથી વિદાય લેવાનીજ છે તો તેની તૈયારી રૂપે મહામૃત્યુનાં માર્ગે પ્રયાણ કરતાં પૂર્વે જરૂરી તૈયારી કરવી રહી. બાકીતો ઈશ્વર ઈચ્છા બલિયસી.'

અંતમાં, આ દેહ મને કેટલો બધો વ્હાલો છે,

પણ એક દિવસ મારા વ્હાલાઓજ એને કબરને હવાલે કરસે. અને કબરની ભૂખી-તરસી માટીથી ભરી દેશે. અસ્તુ...

- ***રાજેશ કડકીઆ.***

## સુધારો

### ૮૫ વર્ષથી ઉપરના સૌ વયસ્ક વડીલોનું જાહેર સન્માન -એપ્રીલ ૦૯

૧- શ્રી બાલાસિનોર કેળવણી મંડળ રૂા.૧,૦૦,૦૦૦/- હસ્તે ગીતાબેન વિનોદચંદ્ર પરીખ

૨- કે.એમ.જી. જનરલ હોસ્પિટલ રૂા.૧,૦૦,૦૦૦/- સ્વ.જીવકોરબેન ચીમનલાલ પરીખ હસ્તે દિનેશચંદ્ર પરિખ (રાઠોડીયા)

૩- બાલાસિનોર પ્રગતિ સમાજ રૂા. ૧,૦૦,૦૦૦/- દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા)

**નોધ :-** આ કાર્યક્રમના ખર્ચ પેટે રૂા.૧૭,૦૦૦/- ના દાનની જાહેરાત યજમાન શ્રી દિનેશભાઈ પરીખ (રાઠોડીયા)એ કરી હતી.

## - મુક્તકો -

જીંદગી જીવતા જો આવડી, મૃત્યુ મંગલ થઈ શકે,
જીંદગી જાણી જીવ્યા તો, પુર્નજનમ ન સંભવે,
નહિંતર જનમ મરણ કેરા ચકરાવામાં ભમવું પડે,
ધર્મના આધારે જીવે તો, જીવ મુક્તિ ને વરે.

————-X ————-

અતંકાળે માનવીને મૃત્યુનો ભય હોય છે,
ક્યાં જવાનું ?એકલા, છોડીને વૈભવ આ, જગે,
માત પાસે છે જવાનું, એકાંત સમજીને માણીયે,
સત્કાર્ય કાજે દાન દેતા, મૃત્યુને મિત્ર બનાવીયે.

————-X ————-

દૃષ્ટિગોચર થાય ના, 'ઈશ્વર નથી' કહેવાયના
વિદેશ વસતા સ્નેહીસખા, ' નથી' એમ કહેવાય ના,
'અંશ છું તેનો હું' ને 'પામવો ભવે આ' વિસરાયના

————-X ————-

મૃત્યુવેળા નજરો સમક્ષ યમદૂતો દેખાય છે,
ખોટા કરેલ નાનાય કર્મો, મોટા થઈ દેખાય છે,
ઉપર જઈને જવાબ દઈશ શું જગનિયંતાને હું,
એ ખયાલે અંતકાળે માનવી બહુ મુંઝાય છે.

————-X ————-

જીંદગીમાં કોઈનું બુરૂ કદિ જ કર્યુ નથી.
કે અવરજીવનું કદિ દિલ પણ દુભવ્યુ નથી,
સ્વપ્ન ચિત્તે શિવ મિલન કાજે, જીવન જીવ્યુ જેણે,
મૃત્યુવેળા આવા જીવને ડર કશો રહેતો નથી.

————-X ————-

ભયથી જે જાય મંદિરે, ભક્ત તે કહેવાય ના,
કામનાની પૂર્તિ કાજે, જાય મંદિર, ભક્ત ના,
અનુભવી અનુકંપા તેની, નિષ્કામ ભાવે શિશ ઝુકે.
અશ્રુઓનો અભિષેક કરી, આભાર માને ભક્ત આ.

- ***પૂનીતચન્દ્ર ભી. પરીખ (રોકડીયા)***

## મુસાફર

મિત્રો, મુસાફર હું અંનતકાળથી
નિર્દોષ નિરપેક્ષ પ્રેમ-મૈત્રી શા કામની
રાત વહી જાયને દિવસો બદલાય છે
સૂરજનું અજવાળું ચોમેર ફેલાય છે.
ઢળતી સંધ્યાએ પશુપંખી ચાલ્યા જાય છે
આભની ઓથે રાત ઢળતી દેખાય છે.
માનવના મનનું પણ આવુંજ કંઈક થાય છે.
ઘેરો નિસાસો નાખે તો યે મન ભાગી જાય છે,
પુષ્પની પાંખડીમાં ભ્રમર લપટાઈ જાય છે
પ્રેમતણા તાંતણામાં મિત્રતા બંધાઈ જાય છે
વિચારોના મનોમંથનમાં સમય ચાલ્યો જાય છે,
સ્વયંને ઓળખવામાં ઘણુ મોડુ થઈ જાય છે.
દ્દઢતા અને આત્માનું એકત્વ સમજાય છે.
મિત્રો, મુસાફર હું અંનતકાળથી સમજાય છે.

*-ઈન્દુ રોહિત દેસાઈ*

## શૈક્ષણિક પારિતોષિકો શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે. જેમાં - ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C, B.Com, B.A, B.Sc, BDS, C.A, L.L.B, M.B.A, M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કસીટની ઝેરોક્ષ કોપી સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા. ઈનામ વિતચરણ સંસ્થાનો વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

*- મંજુલ ધારીઆ*

# સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ આયોજીત

**શ્રી રસીકલાલ ચુનીલાલ ધારીયા (દલાલ)**

## :- સ્મૃતિ ભક્તિ સંધ્યા :-

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ દ્વારા નિયમીત યોજાતી ઉપરોક્ત ભક્તિ સંધ્યામાં શુક્રવાર તા. ૨૨-૫-૨૦૦૯ સાંજે ૫.૧૫ થી ૭.૩૦ દરમ્યાન નીચે જણાવેલ કાર્યક્રમ યોજેલ છે.

**કાર્યક્રમ** : શુક્રવાર, તા. ૨૨-૫-૨૦૦૯ **સમય** : સાંજે ૫.૧૫ થી ૭.૩૦ કલાકે
**ભક્તિ સંગીત** : શ્રીમતી હીના મહેતા **વકતા** : ડૉ.ધિરેન્દ્ર રેલિયા
**વિષય** : 'ભારતિય સંસ્કૃતિના જ્યોતિ કળશ', શ્રી રામ - શ્રી કૃષ્ણ

**સ્થળ**

પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭

**ફોન : ૨૩૬૩ ૨૬૦૮/૨૩૬૭ ૬૩૯૭**

**નિમંત્રક :-**

**શ્રીમતી ઈન્દુબેન રસીકલાલ ધારીયા તથા પરિવાર**
**સ્વામી શ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ, ટ્રસ્ટીગણ**
**સર્વેને સપ્રેમ આમંત્રણ છે.**

## આંખ માટે ઉપયોગી જાણકારી

(૧) ચશ્મા સતત પહેરવાથી નંબર ઘટતો નથી, અને ન પહેરવાથી વધતો પણ નથી. ચશ્મા પહેરોતો સારુ દેખાય ને ન પહેરો તો ઓછું દેખાય. લોકો જીંદગીભર ચશ્મા પહેરે છે, કોઈનાં નંબર ઘટતા નથી.

(૨) હકીકતમાં થોડા નંબર હોય (પોણા નંબર કે તેનાથી ઓછો કે થોડા નંબરનો સીલીન્ડર નંબર)ને તમે ચશ્મા ન પણ પહેરો તો આંખને કાંઈ નુકશાન થતુ નથી. ફક્ત ટીવી જોતા, પીકચર જોતા કે ડ્રાઈવીંગ કરતા પહેરી શકાય. દસમાંથી નવ જણને ચશ્માના થોડાક નંબર હોય છે. પણ બધાએ ચશ્મા પહેરવા જરૂરી નથી.

(૩) ખરેખર તો આપણો દૂરનો નંબર ૨૧ વર્ષ પછી જીંદગીભર બદલાતો નથી (છોકરીઓમાં ૧૮ વર્ષ) કારણકે ત્યાર પછી આપણી ઉંચાઈ વધતી નથી. ફક્ત ૪૦-૪૨ વર્ષે નજીકના ચશ્મા આવે છે. (બેતાળા), જે દર દોઢ - બે વર્ષે વધે છે. નજીકના નંબર પંચાવન વર્ષ સુધી વધે છે. પણ દૂરના તો લગભગ એના એજ રહે છે. તમે જેટલી વાર ચશ્માની દુકાને જશો, એ કહેશે થોડો નંબર બદલાયો છે.(નહી તો એને શું ફાયદો થાય.) In Short તમને જોવામાં તકલીફ ન થાય ત્યાં સુધી ચશ્માની દુકાને ન જવું, નહીંતર બીજા બાર મહીના તમે એણે આપેલા Wrong નંબરના ચશ્મા પહેરશો.

(૪) સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે બધુ બરાબર દેખાય તો ચશ્મા નહોય પણ એવુ નથી. છોકરાને બધુ બરાબર દેખાય પણ ભણાતા કે કોમ્પયુટરથી માથું દુઃખે કે પાણી આવે તો પ્લસ નંબર હોઈ શકે.

(૫) શિર્ષાસન કરવાથી કે ઘી લગાડવાથી કે ઘાસમાં ચાલવાથી નંબર વધતા કે ઘટતા નથી. હાઈટ વધવા સાથે Minus નંબર વધે છે. (૨૧ વર્ષ સુધી) અને પ્લસ નંબર ઘટે છે. અને આપણને લાગે કે ઘાસમાં ચાલવા કે ગાજર ખાવાથી નંબર ઘટયો. ૨૧ વર્ષ પછી નંબર વધતો કે ઘટતો નથી. (છોકરીઓમાં ૧૮ વર્ષ પછી)

(૬) બાળકોને રોજ ૧ કલાક Outdoor રમવા દો. AIlms માં પૂરવાર થયુ છે કે બાળકને ચશ્માથી દૂર રાખવા હોય કે નંબર વધતો અટકાવવો હોય તો એને દૂર જોવાની ટેવ પાડો. ૧ કલાક Outdoor રમવું જેમકે ક્રિકેટ, સાંકળી, પકડાપકડી, ફૂટબોલ વિ. રમતથી એના બ્રેઈનને દૂર જોવાની ફરજ પડે છે. ટીવી. કમ્પ્યુટર, વીડીયો ગેમ્સ, - સતત ભણવુ અને ટયુશન આનાથી બાળકનું Vision world નાનું થઈ રહયું છે. ઘણાના બિલ્ડીંગમાં કંપાઉન્ડ ન હોવાથી કાંતો છોકરો સ્કૂલમાં ભણે પછી ટયુશનમાંથી પરવારે ત્યારે અંધારૂ થઈ ગયુ હોય તો નીચે રમવા ક્યાંથી જાય? આજના ભણતરે બાળકનું બચપણ છીનવી લીધુ છે. ૧ કલાક Outdoor રમવાથી આંખને અને બચપણ બેયને ફાયદા છે.

(૭) જેમ ઘણાની હાઈટ મોટી અને ઘણાની નાની એમ કોઈકને ચશ્મા હોય અને કોઈકને ન હોય. એમાં બહુ ડરવા જેવું નથી. ઘણા પેરન્ટસને ખાસ કરીને માતાને ચશ્માનું ખૂબ ટેન્શન હોય છે. વધારે અગત્યનું છે, કે બાળકની નજર ઓછી ન થવી જોઈએ, અડધી દુનિયા ચશ્મા પહેરે છે, એમાં કાંઈ ટેન્શન કરવા જેવું નથી.

(૮) ટી.વી. કોમ્પ્યુટર અને ભણવાનું એક સાથે ન થાય. ભણતો બાળક ૧ કલાક થી વધુ ટીવી અને અડધા કલાકથી વધુ કોમ્પ્યુટર ન રમે તો સારૂ. વેકેશનમાં થોડી છૂટછાટ લઈ શકાય. ઘણા માબાપ સમજ્યા વગર ટીવી તદન બંધ કરી દે છે. આ પણ ખોટું છે. એ પણ બાળક છે એને પણ ટીવીમાં એના મનપસંદ કાર્યક્રમ જોવાનું મન થાય. તદ્ન બંધ કરી દેશો તો કદાચ બાજુના ઘરમાં જઈને જોશે. અને શક્ય છે કે તમને ન

ગમે એવુ જોશે, એના કરતા થોડુ ટીવી ઘરમાંથી જોએ તો કોઈ નુકશાન નથી.

હજુ આજ સુધી ટીવી જોવાથી આંખો બગડે છે એવુ શોધાયું નથી, પરંતુ અમારા Science (allopathy)નો બહુ આંધળો ભરોસો કરવો નહી. Allopathy ફક્ત ૧૦૦ વર્ષ જુનુ છે અને આર્યુવેદ ૧૦ હજાર વર્ષ જુનુ છે. અમારૂ Science આજે કહેશે ચા સારી અને ૧ વર્ષ પછી કહેશે ચા ખરાબ, પછી કહેશે દુધ ખરાબ છે. અને દારૂ પીવો હાર્ટ માટે સારો છે. પછી બે વર્ષે ફરી જશે. કદાચ ભવિષ્યમાં એવુ શોધાય કે ટીવી.ના રેડિયેશનથી આંખને નુકશાન થાય છે. તો ? માટે પ્રમાણ સર ટીવી જોવું તે પણ ૧૦ ફૂટ દૂરથી અને ૧ લાઈટ ચાલુ રાખીને ગાજર, મૂળા, વગેરે આંખ માટે સારા છે. પણ એને બોમ્બાર્ડ કર્યા કરવાની કોઈ જરૂર નથી. જે બાળકને વિટામીન એ ની કમી હોય (ગરીબ ઘરના કુપોષિત બાળકો) એના માટે, નહીં કે આપણા ઘરનાં બાળકો માટે, ઘણા માબાપો સમજ્યા વગર છોકરાને ગાજરના જ્યુસ પીવડાવ્યા કરે છે. પણ એક વાત સમજી લો, ગાજર કે મૂળા ખાવાથી નબર ન વધે એ વાત કોઈ Science ની બૂકમાં નથી લખી.

(૯) **બેતાલાં** ૪૦-૪૨ વર્ષે ઘડપણની પહેલી નીશાની તરીકે બેતાલા આવે છે. કારણ આંખના મસલ હવે ઉંમર સાથે નરમ થવા માંડે છે અને દર દોઢ બે વર્ષે વધે છે, એનો અર્થ એમ નથી કે આંખ કમજોર થઈ રહી છે. એ એક નોર્મલ પ્રોસેસ છે. એ પંચાવન સુધી ચાલે છે.

(૧૦) **કોમ્પ્યુટર** જેમ આંપણે interesting picture જોતા હોઈએ અને આંખની પલક મારતા નથી તેમ કમ્પ્યુટરનુ કામ કરતા પણ આંખ પલકાવવાનું ઓછુ થઈ જાય છે, આંખ ઓછી પલકે તો આંસુ evaporate થઈ ન જાય અને આંખો સુકી થઈ જાય છે, આને Computer Vision Syndrome કહે છે. Computer સામે કામ કરતા યાદ કરીને આંખ બંધ કરવી (Think & Blink) દર કલાકે પાંચકે ૧૦ વખત આંખ ખોલ બંધ કરવી, બારીની બહાર જોવું, Tea બ્રેક, બાથરૂમ બ્રેક લેવો અને AC ના બ્લાસ્ટની બરાબર સામે ન બેસવું તથા પાણી વધારે પીવું.

(૧૧)**કોન્ટેકટ લેન્સ** આ પહેરીને પાંચ મીનીટ પણ સુવુ નહી. હવે આવતા લેન્સ ખૂબ Comfortable હોવાથી અમૂક Parents સુઈ જતા હોય છે. આ વસ્તુ ૧૫૦ ની સ્પીડે ગાડી ચલાવવા જેવી છે. રોજ નહીં પણ ક્યારે accident થશે અને એ Accident જીવલેણ હશે અને ક્યારેક ખૂબજ ખતરનાક Infection થઈ શકે.

રાત્રે ગમે તેટલા વાગે ઘરે આવ્યા હો, Contact lens ૨૦ સ્ટ્રોક (૨૦ વખત) ઘસીને સાફ કરીને સોલ્યુશન બદલીને મુકવા આ બધુ રાત્રે જ કરાય, સવારે નહી. જેમ આપણે કપડા ધોઈ અને ઈસ્ત્રી કરવાનુ કામ આગલી રાત્રે જ પતાવીને સવારે સીધા કપડા પહેરી લઈએ છીએ એમ કોન્ટેકટ લેન્સ પણ સવારે સીધા પહેરી લેવા Contact lens સાફ કરવાનું અને Solution બદલવાનું કામ આગલી રાત્રે જ કરવું, કારણ આખી રાતમાં લેન્સ સાફ અને Sterile થઈ જશે.

(૧૨) LASIK નંબર કાઢવાની આ પધ્ધતી ૧૦ નંબર સુધી safe છે. પણ ખાસ યાદ રાખવું કે આ Cosmetic Surgery છે. તેમને ચશ્માથી કે કોન્ટેકટ લેન્સથી ચાલતું હોય તો આંખને હાથ ન લગાડવો. એક દ્રષ્ટિએ આંખ હાર્ટથી પણ અગત્યની છે. માણસ મરી જાય તો ચાલે પણ આંધળો થાય તો ન ચાલે. અમુક જણા છાપામાં એડ આપે છે કે આટલા બધા ડોકટરોએ Lasik કરાવ્યું તમે પણ કરાવો ટીવી પરની જાહેરાત માં તમે જોયુ હશે કોઈ પણ પ્રોડકટ વેચવી હોય તો સફેદ ડગલો પહેરીને ડોકટરને વેચતો કે વાપરતો બતાવો તો સામાન્ય માણસને એમ થાય કે

ડૉકટર જ કહે છે તો આ વસ્તુ સારી જ હશે.

Lasik માટે ડૉકટરોની જાહેર ખબર આપનારા ને પૂછી શકાય કે આ ડૉકટરોમાંથી આંખના ડૉકટર કેટલા? સાઉથ બોમ્બેના ટોચના પાંચ ડૉકટરો, ડૉ કુલીન કોઠારી, ડૉ કેકી મહેતા, ડૉ કીરીટ મોદી, ડૉ અશોક શ્રોફ અને ડૉ વત્સલ પરીખ આ પાંચેયને ચશ્મા છે અને છતા એક પણ ડૉકટરે કેમ લેસીક નથી કરાવ્યું?

લેસીક કરવું નુકશાનકારક છે એમ કહેવાનો કોઈ ઉદેશ નથી પણ ખૂબજ સમજી વિચારીને આંખના આ રતનને હાથ લગાડવો. આના non-biased અને non-commercial ડૉકટર સાથે બેસીને અને એકથી વધુ ડૉકટરનો Opinion લઈને જ Decision લેવું.

Eye Donation બાલાસિનોરના લોકો બીજી બાબતોમાં forward અને જમાના સાથે ચાલનારા ગણાય છે પણ Eye Donation માં હજી પૂર્ણ જાગરૂતતા આવી નથી. જેમ ગુજરાતના અમુક ગામમાં લગભગ ૧૦૦ % Compulsary eye donation જેવી awareness આપણે ત્યાં પણ લાવી શકાય. હિન્દુસ્તાનમાં કાયદા મૂજબ માણસ પોતાના અવયવોનુ દાન પોતાના વિલમાં કરે તે સાથે સગાસંબધીઓની Consent જરૂરી છે. જો સગાસંબધીઓની ઈચ્છા ન હોય તો માણસ મર્યા પછી પોતાના અવયવોનું દાન કરી શકતો નથી. અમેરિકામાં એવુ નથી માણસ પોતાના વીલમાં લખી જાયતો સગા સંબધીઓની Concent વગર પણ અવયવોનું દાન થઈ શકે.

તેથી જેમણે આંખનું દાન કરવું છે. તેને પોતાના મિત્રો અને ઘરવાળાને કહી રાખવું જેથી મર્યા પછી એ લોકો જ યાદ કરશે કે આમની ઈચ્છા Eye donation ની હતી.

***ડૉ. રાજીવ પરીખ***

## બાલાસિનોર વિદ્યામંડળ

સહર્ષ જણાવવાનું કે આપણી સંસ્થાને રૂા. ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગિયાર હજાર)નું દાન શ્રીમતી શીલ્પાબેન અમીતભાઈ મોદી (પેપરવાળા) પરિવાર તરફથી શ્રીમતી સુભદ્રાબેન તથા બાબુલાલ ચંદુલાલ મોદી (પેપરવાળા)ના પૌત્ર ચી. ફેનીલ ના લગ્નપ્રસંગે ફી રાહત યોજના માટે મળ્યું છે.

આ સંપૂર્ણ રકમ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર (Computer) વર્ગની ફીની રાહત પેટે વાપરવામાં આવશે.

દાતા પરિવારને આ દાન બદલ હાર્દિક અભિનંદન અને તેમના ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના.

***બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી***

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**કાર્યાલય :** (Administrative office) ના નામકરણ અંગે પ્રાપ્ત થયેલ દાનના દાતાના કુટુંબીજનોનો બહુમાન અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે. સૌને સમયસર હાજર રહેવા વિનંતી.

રૂા. ૧૫,૦૦,૦૦૦-૦૦(રૂા.પંદર લાખ પુરા)

**શ્રીમતી લીલાબેન કીરીટકુમાર કડકીઆ / ફાડીઆ**

**હસ્તે શ્રી હીતેન કીરીટકુમાર કડકીઆ**

તા. ૧૨મી જુન ૨૦૦૯

શુક્રવારે સાંજે - ૬.૦૦ કલાકે

(પ્રગતિ સમાજની ઓફીસમાં)

**અતિથિ વિશેષ :-**

**શ્રી ચતુર્થપીઠ રાજકુમાર પૂજ્યપાદ ૧૦૮**

**શ્રી વલ્લભબાવા શ્રી (ગોકુલ -અમદાવાદ)**

***પ્રમુખ : શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ***

## શ્રી રમેશભાઈ પરીખ – સ્મૃતિ વ્યાખ્યાનમાળા

**આયોજક : શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (મહેસાણા)**

**વ્યાખ્યાતા :** યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)

**વિષય : શ્રી વલ્લભાખ્યાન રસપાન**

**તારીખ :** ૨૧-૫-૦૯ ગુરુવાર થી ૨૪-૫-૦૯ રવિવાર (૪ દિવસ)

**સમય :** બપોરે ૩.૩૦ થી ૬.૩૦

**સ્થળ :** શ્રી પ્રેમપુરી અધ્યાત્મકેન્દ્ર બાબુલનાથ મુંબઈ

શ્રી વલ્લભાખ્યાન રસપાન સાથે વિવિધ મનોરથો અને ઉત્સવોનું આયોજન પણ થશે. સૌ વૈષ્ણવોને આ આયોજનનો લાભ લેવા નેહભર્યુ નિમંત્રણ છે.

**નિમંત્રક :** ટ્રસ્ટીગણ, શ્રી હરસાનીજી પ. ચે.ટ્રસ્ટ

**મનોરથ માટે સંપર્ક : (૧) શ્રી વિજયભાઈ એમ. દેસાઈ**

કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, પહેલા માળે, ૭૯ પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪

**(૨) સુરેખાબેન કડકીયા - ૨૩૬૭૭૯૪૯ / ૨૨૯૪૮૦૫૫૪**

# ભારત મુલાકાતનાં મીઠા મધુરાં સંસ્મરણ

તાજેતરની મારી બે માસની મુલાકાત દરમ્યાન મીઠાં-મધુરાં કંઈક અનુભવો જાણવા માણવાનો લહાવો મળ્યો જે આપ સહુની સમક્ષ વાગોળવાની ઈચ્છા રોકી શકતો નથી.

ગત ૧૨ જાન્યુઆરીથી ૧૨ માર્ચ દરમ્યાન મારાં દિકરાનાં લગ્ન પ્રસંગ નિમિત્તે મારે ભારતની મુલાકાત લેવી પડી હતી.

પ્રથમ તો હું ભારતનો વતની હોવાથી તથા મારી માતૃભૂમિ મારું જન્મ સ્થળ હોવાથી ભારતનું મહત્વ મારાં માટે ખૂબ જ છે.

